સેગવામાં પાવરગ્રીડના અધિકારીઓ પોલીસને લઈ ખેતરોમાં પ્રવેશતાં ખેડૂતોનો વિરોધ

જે જૂના કાયદાઓના આધારે તમે ગણતરી કરીને આવ્યા છો એ ખેડૂતોને મંજૂર નથી કહી ખેડૂતોએ આક્રોશ ઠાલવ્યો

કામરેજઃ કામરેજના સેગવામાં મંગળવારે પાવરગ્રીડના અધિકારીઓ પોલીસ લઈ ખેતરોમાં પ્રવેશવા માટે આવ્યા હોવાની જાણ થતાં ખેડૂતો એકઠા થઈ ગયા હતા. ખેડૂતોએ પાવરગ્રીડ સામે અસંતોષ વ્યક્ત કરી કામનો વિરોધ કર્યો હતો.

ખાવડાથી નવસારી વીજ ટ્રાન્સમિશન લાઈન માટે કામરેજના સેગવા ગામે મંગળવારે બપોરે 2 કલાકે પાવરગ્રીડના અધિકારીઓ પોલીસને સાથે લઈ આવતાં ખેતરોમાં પ્રવેશવા માટે આવ્યા હોવાની જાણ ખેડૂતોને થતાં તુરંત જ સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ પરિમલ પટેલને જાણ કરી સેગવા ગામે બોલાવવામાં આવ્યા હતા. પરિમલ પટેલ તેમજ બારડોલી તાલુકા ખેડૂત સમાજના પ્રમુખ અનિલભાઈને લઈ સ્થળ પર ધસી ગયા હતા. જે રીતે પાવરગ્રીડ પોલીસ લઈને પહોંચી જાય છે એની સખત શબ્દોમાં ઝાટકણી કાઢી હતી અને એમણે જણાવ્યું હતું કે, તા.14/10/24ના રોજ રાજ્ય સરકારે પાવર ટ્રાન્સમિશન લાઈન બાબતે વળતર નક્કી કરવાની જે સત્તા કલેક્ટરને આપી છે. એના આધારે ગણતરી કરી ખેડૂતોને જણાવો. એ પરિપત્રમાં જણાવ્યા મુજબ કલેક્ટર પોતે પોતાના અધ્યક્ષ સ્થાને એક મૂલ્યાંકન સમિતિ બનાવી જમીનની કિંમત નક્કી કરી કરી શકે છે. માટે જે જૂના કાયદાઓના આધારે તમે ગણતરી કરીને આવ્યા છો એ ખેડૂતોને મંજૂર નથી એમ જણાવી, જો તમે ખેડૂતો પાસે કાયદાના પાલનની આશા રાખતા હોવ તો પહેલા કાયદાનું પાલન તમારે કરવું પડશે. લાંબી ચર્ચાના અંતે કામ અટકી ગયું હતું અને જ્યાં સુધી બધી બાબતોની સ્પષ્ટતા નહીં થાય ત્યાં સુધી મહેરબાની કરી ખેડૂતોને હેરાન કરશો નહીં એમ પણ જણાવી દેવાયું હતું. એ બાદ સ્થળ પરથી પાવરગ્રીડના અધિકારીઓ તેમજ પોલીસ નીકળી જતાં ખેડૂતોએ સ્થળ છોડ્યું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ પ્રવાસો માટે નવી SOPથી પ્રવાસો હવે વધુ વ્યવસ્થિત અને સુરક્ષિત બનશે

વિદ્યાર્થી પ્રવાસો માટે યુ.જી.સી. અને ગુજરાત સરકારની ગાઈડલાઈન્સનું પાલન ફરજિયાત રહેશે

સુરતઃ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીએ યુનિવર્સિટીના વિવિધ વિભાગોના અભ્યાસ પ્રવાસો માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) અમલમાં મૂકવાનો નિર્ણય લીધો છે. SOPનું નિર્માણ બાયોસાયન્સ વિભાગની 20 ઓગસ્ટ 2024 અને 3 સપ્ટેમ્બર 2024ની કાર્યાલય નોંધો પરના આદેશોના આધારે કરવામાં આવ્યું છે. આ SOP ગુજરાત સરકાર અને યુ.જી.સી.ની માર્ગદર્શિકાઓને અનુસરીને તૈયાર કરવામાં આવ્યું છે.

23 સપ્ટેમ્બર 2024ના રોજ યુનિવર્સિટીમાં મળેલી સમિતિની બેઠકમાં આ SOPને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. સભ્યોએ SOPમાં ભવિષ્યમાં યોજાનારા અભ્યાસ પ્રવાસોની યોજના, સુરક્ષા અને નિયમનને પ્રાથમિકતા આપી. યૂનિવર્સિટીના વહીવટી વિભાગે SOPને યથાવત મંજૂર આપતા તરત જ તેની અમલવારી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આનાથી યુ.જી.સી. અને ગુજરાત સરકારની ગાઈડલાઈન્સનું પાલન, દરેક પ્રવાસ માટે યોગ્ય નીતિઓ અને નિયમોનું પાલન ફરજિયાત કરવામાં આવશે. SOPના માધ્યમથી અભ્યાસ પ્રવાસો વધુ સુચિત અને સુરક્ષિત બનશે, જેથી વિદ્યાર્થીઓ અને સ્ટાફ બંને માટે આનંદદાયક અનુભવ સુનિશ્ચિત થઈ શકે. SOP દ્વારા વિવિધ વિભાગો પ્રવાસોનું આયોજન વધુ સારી રીતે કરી શકશે, જે વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટે મદદરૂપ બનશે. વિશેષમાં, યુનિવર્સિટીએ તમામ વિભાગોને SOPનું સંપૂર્ણ રીતે પાલન કરવાનો આદેશ આપ્યો છે. SOP મુજબ દરેક અભ્યાસ પ્રવાસ માટે જરૂરી આયોજન અને પૂર્વ તૈયારી કરવી અનિવાર્ય છે, જેથી અનિશ્ચિત પરિસ્થિતિઓથી દૂર રહી શકે અને પ્રવાસો સરળ બને. આ SOP અમલમાં મૂક્યા બાદ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસ વિભાગો હવે વધુ યોગ્ય રીતે શૈક્ષણિક પ્રવાસોનું આયોજન કરી શકશે. આ નવી વ્યવસ્થા અભ્યાસી વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક અવસર વધારવા અને ભવિષ્યમાં નિષ્ણાતો તરીકે વિકસાવવાનો માર્ગ ખોલશે.

અભ્યાસ પ્રવાસો માટે SOPનું મહત્ત્વ

વિદ્યાર્થી પ્રવાસો માટે યુ.જી.સી. અને ગુજરાત સરકારની ગાઈડલાઈન્સનું પાલન ફરજિયાત રહેશે. SOPના અનુસરણથી પ્રવાસો વધુ સુચિત, વ્યવસ્થિત અને સુરક્ષિત બને તે હેતુ છે. દરેક વિભાગને SOP મુજબ પ્રવાસનું આયોજન કરીને વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક અને સહકાર્યક્રમોનું શ્રેષ્ઠ અનુભવ અપાવવાનો હેતુ છે.

અડાજણ મધુવન સર્કલ પાસે બાઈકની અડફેટે સાઈકલ પર સવાર વૃદ્ધનું મોત

સુરતઃ અડાજણમાં મધુવન સર્કલ પાસે બાઈકરે સાઈકલ સવાર વૃદ્ધને અડફેતે લેતા ગંભીર ઈજાના કારણે વૃદ્ધનું મોત નીપજ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર પાલ સંજીવકુમાર ઓડીટોરિયમની બાજુમાં રાજહંસ વ્યૂ બિલ્ડિંગમાં 78 વર્ષિય ગ્યાનચંદ લેખરાજમલ છતાણી રહેતા હતા. તેમને ચાર સંતાન છે. જેમાં સૌથી નાના પુત્ર નિલેશ સાથે તેઓ રહેતા હતા. ગ્યાનચંદ છતાણીનો પુત્ર નિલેશ રેડીમેઇડ ગારમેન્ટનો વેપાર કરે છે. આજે બપોરે ગ્યાનચંદ છતાણી ઘરેથી સાયકલ લઈને કામ અર્થે નીકળ્યા હતા. તેઓ અડાજણ મધુવન સર્કલ નજીક વેલોસિટી હોસ્પિટલ પાસેથી પસાર થતા હતા, તે સમયે એક બાઈકરે ગ્યાનચંદ છતાણીની સાયકલને ટક્કર મારી તેમને અડફેટમાં લેતા ગંભીર ઈજા પહોંચી હતી. તેમને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. અડાજણ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી હતી.

મુખ્ય પરીક્ષા 27 ફેબ્રુઆરીથી 13મી માર્ચ-2025 દરમિયાન યોજાશે

ગાંધીનગર, તા. 15. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી -માર્ચ 2025માં લેવામાં આવનાર ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં મુખ્ય પરીક્ષાઓ 27મી ફેબ્રુઆરી 2025 થી 13મી માર્ચ 2025 દરમિયાન લેવામાં આવશે.

ધોરણ-10 પરીક્ષાનો કાર્યક્રમ

તારીખ	સમય	વિષય
27-02-2025	10 થી 1:15	ગુજરાતી (પ્રથમ ભાષા) સહિત તમામ ભાષાઓ
01-03-2025	10 થી 1:15	ગણિત સ્ટાન્ડર્ડ અને બેઝિક
03- 03-2025	10 થી 1:15	સામાજિક વિજ્ઞાન
05-03-2025	10 થી 1:15	અંગ્રેજી (દ્વિતીય ભાષા)
06-03-2025	10 થી 1:15	ગુજરાતી (દ્વિતીય ભાષા)
08-03-2025	10 થી 1:15	વિજ્ઞાન
10-03-2025	10 થી 1:15	હિન્દી , સિંધી સંસ્કૃત , ફારસી અરબી ઉર્દુ (દ્વિતીય)

ધોરણ-12 સામાન્ય પ્રવાહ પરીક્ષાનો કાર્યક્રમ

તારીખ	સમય	વિષય
27-02-2025	10:30 થી 1:45	સહકાર પંચાયત
	3 થી 6:15	અર્થશાસ્ત્ર
28-02-2025	10:30 થી 1:45	કૃષિ વિદ્યા ગૃહ જીવન વિદ્યા
		પશુપાલન અને ડેરી વિજ્ઞાન
	3 થી 6:15	તત્વજ્ઞાન
01-03-2025	3 થી 6:15	વાણિજ્ય વ્યવસ્થા
03-03-2025	3 થી 6:15	મનોવિજ્ઞાન
04-03-2025	10:30 થી 1:45	ઇતિહાસ
	3 થી 6:15	નામાના મૂળતત્વો
05-03-2025	3 થી 6:15	સમાજશાસ્ત્ર
06-03-2025	3 થી 6:15	ગુજરાતી, અંગ્રેજી (દ્વિતીય ભાષા)
07-03-2025	10:30 થી 1:45	ભૂગોળ
	3 થી 6:15	આંકડાશાસ્ત્ર
08-03-2025	3 થી 6:15	ગુજરાતી (તમામ ભાષાઓ પ્રથમ)
10-03-2025	3 થી 6:15	હિન્દી (દ્વિતીય ભાષા)
11-03-2025	10:30 થી 1:45	રાજ્યશાસ્ત્ર

ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહનો કાર્યક્રમ

તારીખ	સમય	વિષય
27-02-2025	3 થી 6:30	ભૌતિક વિજ્ઞાન
01-03-2025	3 થી 6:30	રસાયણ વિજ્ઞાન
03-03-2025	3 થી 6:30	જીવ વિજ્ઞાન
05-03-2025	3 થી 6:30	ગણિત
07-03-2025	3 થી 6:30	અંગ્રેજી (પ્રથમ અને દ્વિતીય)
10-03-2025	3 થી 6:30	ગુજરાતી, હિન્દી, મરાઠી,
		ઉર્દુ, સિંધી, તમિલ (પ્રથમ ભાષા)
	3 થી 5:15	કોમ્પ્યુટર અધ્યયન સૈદ્ધાંતિક

ટ્રેન ઉથલાવવાના કાવતરામાં રેલવે કર્મચારીની જામીનઅરજી પર સરકાર તરફે દલીલો પૂર્ણ

પ્રમોશન, ઈનામ અને એવોર્ડ માટે, કીમ નજીક રેલવે ટ્રેકની 72 કી અને ફિશ પ્લેટ કાઢી નાંખી સેંકડો પ્રવાસીઓના જીવ જોખમમાં મૂક્યા હતા

સુરતઃ પ્રમોશન, ઈનામ અને રિવોર્ડ મેળવવા માટે સેંકડો પ્રવાસીઓના જીવ જોખમમાં મુકનારા રેલવેના કર્મચારીની જામીનઅરજી પર પ્રોસિક્યુશન દલીલો પુર્ણ થઈ હતી. હવે ડિફેન્સની દલીલો થશે, ત્યારબાદ કોર્ટ તેનો ચુકાદો આપશે.

25 દિવસ પહેલા કીમથી કોસંબા જતા રેલવે ટ્રેકની કી અને ફિશ પ્લેટ કાઢીને રેલવે ટ્રેક પર મૂકી, ટ્રેનને ઉથલાવી કાઢવાનો પ્રયાસ કરાયો હતો. તેમાં રેલવેના કર્મચારીઓએ રેલવેના અધિકારીઓને સવારે 5.20 વાગે જાણ કરી કે ત્રણેક અજાણ્યા રેલવે ટ્રેક પરની કી અને ફિશ પ્લેટ કાઢી રહ્યા હતા, ત્યારે તેઓ જોઈ જતા ત્રણેય જણા ભાગી ગયા હતા. કિમ પોલીસ સ્ટેશનમાં આ બાબતે ફરિયાદ નોંધાતા જિલ્લા એસઓજીએ તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ખબર પડી કે કી અને ફિશ પ્લેટ કાઢી લેનારા આરોપીઓ રેલવેના જ કર્મચારીઓ સુભાષ પોદ્દાર, મનીષકુમાર મિસ્ત્રી અને શુભમ જયસ્વાલ છે. આરોપીઓની ડ્યુટી મોન્સુન પેટ્રોલિંગના ભાગરૂપે, રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન કિમથી કોસંબા રેલવે ટ્રેક વચ્ચે સુલામતી-સુરક્ષા રાખવાની હતી.

આરોપી સુભાષ પોદ્દારે રેલવે વિભાગની ડિપાર્ટમેન્ટલ જે.ઈ.ની પરીક્ષા આપી હતી. રેલવે વિભાગનો અતિ વિશિષ્ટ પુરસ્કાર મળે તો પાંચ ગુણ વધારાના મળે અને નાઈટ પેટ્રોલિંગની નોકરી વધી જાય, તે માટે તેણે અન્ય આરોપીઓ સાથે મળીને ટ્રેકની કી અને ફિશ ફ્લેટ કાઢી લીધી હતી. તેના ફોટો-વિડિયો મોબાઈલ ફોનમાં પાડીને પછી અધિકારીઓને જાણ કરી હતી. જેથી તેમને પ્રમોશન, ગુણ, ઈનામ અને એવોર્ડ મળે.

આરોપીઓએ કીમ-ખાડી પાસે 72 કી કાઢી હતી. જો તે સમયે ત્યાંથી ટ્રેન પસાર થાય તો આખી ટ્રેન ખાડીમાં ઉથલી પડે અને સેંકડો પ્રવાસીઓનો જીવ જતે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને ત્રણેયની ધરપકડ કરી હતી. આરોપી સુભાષ પોદ્દારે જામીન પર મુક્ત થવા માટે કોર્ટમાં જામીનઅરજી કરી હતી. સરકાર તરફે (પ્રોસિક્યુશન) ડીજીપી નયન એલ. સુખડવાલાએ દલીલો કરી હતી. ડિફેંસની દલીલો હજી બાકી છે.

યુનિવર્સિટીની બાયોટેકના બિનજરૂરી સાધનો શાળાઓને દાનમાં આપવા મંજુરી

શાળાઓમાં શૈક્ષણિક સાધનોનો વધારાનો ઉપયોગ થશે અને વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રયોગો માટે વધુ સગવડો મળશે

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા બાયોટેકનોલોજી વિભાગના બિનજરૂરી સાધનો જરૂરીયાતમંદ શાળાઓને દાન રૂપે આપવાની મંજૂરી આપવામાં આવી છે. યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગ દ્વારા આ સાધનોની યોગ્ય ઉપયોગશીલતા અંગે વિચારણા કરવામાં આવી હતી.

યુનિવર્સિટી દ્વારા બાયોટેકનોલોજી વિભાગમાંથી મળેલા આ સાધનો પ્રથમ ભૌતિકશાસ્ત્ર વિભાગને આપવામાં આવ્યા હતા. પરંતુ ભૌતિકશાસ્ત્ર વિભાગે આ સાધનોના તેમના ઉપયોગ માટે યોગ્ય ન હોવાનું જણાવ્યું. તેથી શાળા કક્ષાએ આવા સાધનો ઉપયોગી બની શકે તે હેતુસર શાળાઓમાં દાન સ્વરૂપે આપવાની તક શોધવામાં આવી છે. યુનિવર્સિટીએ નક્કી કર્યું છે કે બિનજરૂરી સાધનોને ડેડ સ્ટોકમાંથી હટાવી, જરૂરિયાત ધરાવતી શાળાઓને ફાળવવામાં આવશે. આ નિર્ણયથી શાળાઓમાં શૈક્ષણિક સાધનોનો વધારાનો ઉપયોગ થશે અને વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રયોગો માટે વધુ સગવડો મળશે. યુનિવર્સિટીના બાંધકામ વિભાગ દ્વારા આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. યુનિવર્સિટીની આ પહેલથી શાળાઓમાં શૈક્ષણિક સાધનોની અછત દૂર થવા સાથે વિદ્યાર્થીઓને પ્રાયોગિક શિક્ષણમાં વધુ તક મળશે.

સાધનો દાન આપવાના હેતુ અને લાભો

- શૈક્ષણિક વિકાસઃ શાળાઓમાં આ સાધનોનો ઉપયોગ શૈક્ષણિક પ્રયોગોમાં કરવામાં આવી શકશે, જે વિદ્યાર્થીઓના જ્ઞાનને વધારશે.
- સંપત્તિનો યોગ્ય ઉપયોગઃ બિનજરૂરી સાધનોને દાનમાં આપવાથી યુનિવર્સિટીના ભૌતિક વિભાગ અને બાયોટેક વિભાગની સંપત્તિનો શ્રેષ્ઠ ઉપયોગ થશે.
- સામાજિક જવાબદારીઃ આ પ્રયોગથી VNSGU સામાજિક જવાબદારી નિભાવી, શૈક્ષણિક વિકાસમાં યોગદાન આપશે.

વીર નર્મદ યુનિવર્સિટી માટે 10 લાખનું દાન, ઉષા કાઝી પી.જી. સ્કોલરશિપ'ની શરૂઆત થશે

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગમાં હવે "ઉષા કાઝી પિ.જી. સ્કોલરશિપ"અંતર્ગત અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળી શકશે. શ્રીમતી ઉષા જી. કાઝી દ્વારા દાનરૂપે 10 લાખ રૂપિયાનું ફાળો આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ શિષ્યવૃત્તિ 2025-26 ના શૈક્ષણિક વર્ષથી અમલમાં આવશે અને તે ખાસ કરીને બિન અનામત શ્રેણી માટેના વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવી છે.

આ સ્કોલરશીપથી બિન અનામત શ્રેણીના વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિથી તેમના અભ્યાસમાં આર્થિક સહાય મળશે, જેનાથી તેઓ તેમના શૈક્ષણિક લક્ષ્ય હાંસલ કરી શકશે. આ અનુસ્નાતક અભ્યાસક્રમો માટેની શિષ્યવૃત્તિથી વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ તરફ આકર્ષાઈ શકશે. વીર નર્મદ દક્ષિણ ગુજરાતના ફાઈનાન્સ અને એકાઉન્ટ્સ વિભાગ દ્વારા આ દાનના સ્વીકારની પુષ્ટિ કરવામાં આવી છે. શિષ્યવૃત્તિ આપવાના પ્રસ્તાવને મંજૂરી મળ્યા બાદ, યુનિવર્સિટી તરફથી દાતાશ્રી ઉષા જી. કાઝીને આભાર પત્ર પાઠવવાની પણ પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. શ્રીમતી ઉષા જી. કાઝીનું આ યોગદાન વિદ્યાર્થીઓના ભવિષ્ય ઘડવા અને શૈક્ષણિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપશે.

અનુસંધાન ... પાના છેલ્લાંનું

દક્ષિણ ગુજરાતના...

થશે. કેટેગરી એકમાં આવતા તાલુકાઓમાં સ્થપાતા વિવિંગ, નીટિંગ અને પ્રોસેસિંગ કે સ્પીનિંગ એકમોને પણ વધુમાં વધુ કેપિટલ સબસિડીની કેપ રૂપિયા 50 કરોડ સુધીની રહેશે. તથા ગારમેન્ટીંગ અને ટેકનિકલ ટેક્સટાઇલ ક્ષેત્રે આ રકમ રૂપિયા 100 કરોડ સુધી જશે.

આ ઉપરાંત પીએમ મિત્રા પાર્કને કેટેગરી એકના સમકક્ષ ગણી સૌથી વધુ લાભ આપવામાં આવ્યા છે ત્યારે પીએમ મિત્રા પાર્કમાં સ્થપાતા ટેક્સટાઇલ એકમોને તેનો સૌથી વધુ લાભ મળી રહેશે. ચેમ્બર ઓફ કોમર્સની સતત રજૂઆતને પગલે ફાયબરમાંથી યાર્ન બનાવતા સ્પીનિંગ એકમોને પણ પ્રથમ વખત ગુજરાતની નવી ટેક્સટાઇલ પોલિસી-2024 માં આવરી લેવામાં આવ્યા છે.

ચેમ્બર પ્રમુખ વિજય મેવાવાલા એ વધુમાં જણાવ્યું હતું કે, ટેક્સટાઇલ પોલિસીના અભાવે સુરતના ઘણા ટેક્સટાઇલ એકમો મહારાષ્ટ્રમાં નવાપુર પાસે શિફ્ટ થઇ રહ્યાં હતા. નવી ટેક્સટાઇલ પોલિસી જાહેર થયા બાદ સુરતના ટેક્સટાઇલ એકમોના શીફ્ટીંગમાં ઘટાડો આવશે. આ પોલિસીમાં ગારમેન્ટ સેક્ટર માટે ઘણી પ્રોત્સાહક યોજનાઓ આપવામાં આવી છે, જેમાં ખાસ કરીને કેપિટલ સબસિડી, પાવર સબસિડી તથા ઇન્ટરેસ્ટ સબસિડીની સાથે સાથે પેરોલ એસેસમેન્ટ આપવામાં આવ્યું છે, જે ખૂબ જ આવકારદાયક યોજના છે. આને કારણે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગારમેન્ટ સેક્ટરનો ખૂબ મોટા પાયે વિકાસ થશે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઘણા વર્ષથી ગારમેન્ટ ક્ષેત્રે ખાસ ઇન્સેન્ટીવની માંગ કરવામાં આવી રહી હતી ત્યારે નવી ટેક્સટાઇલ પોલિસીમાં ગારમેન્ટ ક્ષેત્રે સૌથી વધુ લાભ આપવામાં આવ્યો છે, જેનો લાભ દક્ષિણ ગુજરાતના મોટા ભાગના ટેક્સટાઇલ ઉદ્યોગકારોને મળી રહેશે.

ચેમ્બરના ઉપ પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રી સુરત સહિત દક્ષિણ ગુજરાતના આર્થિક વિકાસમાં અને રોજગારી ક્ષેત્રે મોટું યોગદાન આપે છે. આવા સંજોગોમાં નવી ટેક્સટાઇલ પોલિસીની જાહેરાતને કારણે એમએમએફ ફેબ્રિકનું હબ ગણાતું સુરત હવે એમએમએફ ગારમેન્ટનું પણ હબ બની રહેશે. એકંદરે, રાજ્યની નવી ટેક્સટાઇલ પોલિસીમાં ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીના તમામ વર્ગને આવરી લેવામાં આવ્યા છે. ખાસ કરીને એમએમએફ સ્પીનિંગમાં પોલિએસ્ટર સ્ટેપલ ફાઇબર અને વિસ્કોસ સ્ટેપલ ફાઇબરમાંથી યાર્ન બનાવતા ટેક્સટાઇલ એકમોને પણ ઇન્સેન્ટીવ આપવામાં આવ્યું છે, જે ચેમ્બર ઓફ કોમર્સની ઘણા સમયથી માંગ હતી. વર્ષ 2019 ની જૂની ટેક્સટાઇલ પોલિસીમાં સ્પીનિંગનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો ત્યારે ચેમ્બર ઓફ કોમર્સે એમએમએફને લાભ આપવા માંગ કરી હતી, જેનો ઉલ્લેખ નવી ટેક્સટાઇલ પોલિસીમાં કરવામાં આવ્યો છે.ગુજરાતની નવી ટેક્સટાઇલ પોલિસી માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ઉદ્યોગ મંત્રી બળવંતભાઈ રાજપુત અને રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીનો આભાર માનવામાં આવ્યો હતો.

નવી ટેક્સટાઇલ...

આવરી લે છે, જેમાં ટેક્નિકલ ટેક્સટાઇલ પર ખાસ ભાર મુકવામા આવ્યો છે, જે ઓટોમોબાઇલ, હેલ્થકેર અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રો માટે મહત્વપૂર્ણ છે. આ નીતિ અંતર્ગત ટેક્સટાઇલ ક્ષેત્રમાં રોકાણ અને વિસ્તરણને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ પ્રોત્સાહનો આપવામાં આવ્યા છે.

ગુજરાત ટેક્સટાઇલ...

પ્રોત્સાહનો

-- 1 હજાર મહિલાઓ કાર્યરત હોય. આવા એકમો વધારાની સબસિડી મળશે

--- આ પોલિસી પાણી અને ઉર્જાનો બચાવને પ્રોત્સાહન આપશે

2019ની પોલિસીમાં...

ઓડિટમાં 50 ટકા લેખે વધુમાં વધુ 1 લાખ સુધીની સબસિડી, નાની મશીનરીઓની ખરીદી પર 20 ટકા લેખે વધુમાં વધુ 30 લાખ સુધીની સબસિડી આપવામાં આવી હતી.

2012ની પોલિસીમાં...

20 ટકા લેખે વધુમાં વધુ 50 હજાર સુધીની સબસિડી, મોટી મશીનરી સાથે ખરીદાતી નાની મશીનરીમાં સબસિડી ન હતી

ઉપરવાસમાં વરસાદના...

ક્યુસેક અને પ્રકાશા ડેમમાંથી સવારે 1,13,000 ક્યુસેક પાણી છોડાયું હતું. પરંતુ સાંજે પ્રકાશા ડેમમાંથી પાણી છોડવાની પ્રક્રિયા ઘટીને 33,000 ક્યુસેક કરી દેવામાં આવી હતી. શહેરમાં પણ વરસાદના વિરામ બાદ આજે તાપમાનમાં એક ડિગ્રી જેટલો વધારો નોંધાયો છે. આજે મહત્તમ તાપમાન 35 ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ તાપમાન સવા ડિગ્રી ઘટીને 25.8 ડિગ્રી નોંધાયું છે.

વલસાડ જિલ્લામાં...

જવાના અને ઘરો તૂટી જવાની સંખ્યા બંધ ઘટનાઓ બની હતી. કપરાડા તાલુકામાં વીજ થાંભલાઓ પડી જતા કેટલાક વિસ્તારોમાં અંધાર પટ છવાઈ ગયો હતો. તો માર્ગો બંધ થયા હતા. નાનાપોંઢા-પારડી વચ્ચે બાલદા નજીક વૃક્ષો જડમૂળથી પડી જતા મહત્તમ ઘરોને નુકશાન થયું હતું, જેમાં 1 મહિલાને ઇજા પહોંચી હતી.

અનુસંધાન ... પાના પહેલાંનું

દિલ્હી ડાયરી...

નવા સંસદ ભવનની છતમાં લીકેજ-એક ગંભીર ઘટના

સંસદના બજેટ સત્ર દરમિયાન ભારે વરસાદને કારણે નવી સંસદની ઇમારતની છત લીક થયા પછી સંકુલની જાળવણી માટે જવાબદાર એજન્સીઓ સમસ્યાનો કાયમી ઉકેલ શોધવામાં વ્યસ્ત છે. આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારી આ મુદ્દાનું પ્રત્યક્ષ મૂલ્યાંકન કરવા છત પર ગયા હોવાનું જાણવા મળે છે.

ભારત-કેનેડાના...

ધરતી પર કેનેડાના નાગરિકોને ધમકાવવાના અને હત્યા કરવામાં વિદેશી સરકારની સંડોવણી કેનેડા સહન નહીં કરે. ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો સોમવારે વધુ બગડ્યા હતા કારણ કે ભારતે છ કેનેડિયન રાજદ્વારીઓને હાંકી કાઢ્યા હતા અને શીખ ઉગ્રવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાની તપાસ સાથે ભારતના રાજદૂતને જોડતા ઓટ્ટાવાના આરોપોને ફગાવી દીધા પછી કેનેડામાંથી તેના હાઈ કમિશનરને પાછા બોલાવવાની જાહેરાત કરી હતી. સોમવારે ટ્રુડોએ પત્રકારો સામે રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસના (આરસીએમપી) તારણોનો ઉલ્લેખ કરતા દાવો કર્યો હતો કે તેની પાસે 'સ્પષ્ટ પુરાવા છે કે ભારત સરકારના એજન્ટો આમાં રોકાયેલા છે.' 'કેનેડાના અધિકારીએ ભારતીય અધિકારીઓને આરસીએમપીના પુરાવા આપ્યા છે જેમાં સામે આવ્યું છે કે ભારત સરકારના છ એજન્ટો ગુનાહિત પ્રવૃત્તિઓ માટે વોન્ટેડ છે. ભારત સરકારે સહકાર ન આપતા અમારે આ છ એજન્ટોને ભારત પાછા મોકલવાના આદેશ જારી કરવા પડ્યા હતા.'

મહારાષ્ટ્ર, ઝારખંડની...

બસીરહાટ લોકસભા બેઠક અને ઉત્તર પ્રદેશમાં મિલ્કીપુરની પેટાચૂંટણી જાહેર કરવામાં આવી નથી. કારણ કે, આ બે બેઠકો માટે ચૂંટણી અરજીઓ પેન્ડિંગ છે.

કુમારે જણાવ્યું હતું કે, શહેરી ઉદાસીનતાની સમસ્યાને દૂર કરવા બુધવારે બંને રાજ્યોમાં ચૂંટણી યોજાશે.

ભાજપનું લક્ષ્ય 288-મજબૂત મહારાષ્ટ્ર વિધાનસભામાં સત્તા જાળવી રાખવાનું છે, જેમાં સાથી પક્ષો શિવસેના, મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી છે.

ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ ગઠબંધન કોંગ્રેસ-એનસીપીએસપી-શિવસેનાયુબીટીના મહા વિકાસ અઘાડી ગઠબંધન તરફથી પડકારનો સામનો કરી રહ્યું છે, જે લોકસભા ચૂંટણીમાં તેના પ્રદર્શનનું પુનરાવર્તન કરવાની આશા રાખે છે. વિપક્ષી એમવીએ ગઠબંધને લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં 48માંથી 31 બેઠકો જીતી હતી.

ભારતે કેનેડાના...

કેનેડિયન અધિકારીઓના નિવેદનો કે કેનેડાએ નિજ્જર કેસમાં ભારતને વિશ્વસનીય પુરાવા રજૂ કર્યા તે સાચા નથી. 'શરૂઆતથી જ, કેનેડાનો અભિગમ ખોટા આક્ષેપો કરવાનો અને ભારત પર ઇનકાર કરવાનો બોજ નાખવાનો રહ્યો છે', એમ તેમણે ઉમેર્યું. સૂત્રોએ રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (આરસીએમપી) દ્વારા ભારતીય એજન્ટોને બિશ્નોઈ ગેંગ સાથે જોડવાના પ્રયાસોને પણ નકારી કાઢ્યા હતા. આરસીએમપી દ્વારા કરાયેલી પત્રકાર પરીષદમાં, ભારતમાં અમુક વ્યક્તિઓના જોડાણો વિશે નિવેદનો કરવામાં આવ્યા હતા. કોઈ પણ સંજોગોમાં કોઈ સ્પષ્ટતા આપવામાં આવી ન હતી, એમ સૂત્રએ કહ્યું હતું. લોકોને જવાબદાર ઠેરવવાની વાત પણ થઈ હતી. પરંતુ તે ક્યારેય સ્પષ્ટ કરવામાં આવ્યું ન હતું કે કોણ અને શા માટે, એમ તેમણે કહ્યું.

કેનેડાના નાગરિકની...

શાસનના મહત્વ' પર સંમત થયા હતા, એમ ડાઉનિંગ સ્ટ્રીટે જણાવ્યું હતું. જ્યારે બ્રિટીશ સરકારના નિવેદનમાં ભારતનો સીધો સંદર્ભ નથી, તેમાં કેનેડામાં તપાસ હેઠળના આરોપોનો ઉલ્લેખ કરાયો છે. 'ટ્રુડો અને વડા પ્રધાન વચ્ચે તપાસ હેઠળના આરોપોના સંદર્ભમાં વાતચીત થઈ હતી. બંને કાયદાના શાસનના મહત્વ પર સંમત થયા હતા. તેઓ તપાસના અંત સુધી નજીકના સંપર્કમાં રહેવા સંમત થયા હતા', એમ નિવેદનમાં કહેવાયું હતું.

ભારતે અમેરિકા...

જુલાઈ 2022માં કાબુલના મધ